વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૨૧ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : નવેમ્બર ૬, ૨૦૧૮

# 'સેવા'ના પોલીસ કમિશ્નર નીરૂબેનને શ્રદ્ધાંજલિ

નીરૂબેન જાદવ, 'સેવા'ના મૂળ સ્થાપક સભ્યોમાંના એક. જેમનું નિધન તા.૧૭.૧૦.૨૦૧૮ના રોજ થયું. સીધા સાદા, ખાદીની સાડી એમની ઓળખ. સિવણ શિક્ષિકા તરીકે જોડાયા અને વર્ષો સુધી 'સેવા'ના મંત્રીપદે રહયાં. માથોડા, હાથલારી કામદારો, સિલાઇ કામદારો, વેચનારા, જુના કપડા વેચનારા, બીડીકામદારોના હક્કો માટે ઝઝૂમનારા, ખાસ તો વેચનારાનું સંગઠન તેમને ખૂબ વહાલું. કારણ, તેમાં રોજ ઝઝૂમવાનું હોય અને પોલીસ સાથે રોજ પનારો પડે. તેમના પ્રશ્નો માટે નીરૂબેન તૈયાર જ હોય ! માટે જ તેમનું લાડકું નામ ''સેવાના પોલીસ કમિશ્નર'' પડી ગયું. 'સેવા' વિકસતી ગઇ અને ગામડાઓમાં કામ શરૂ થયું. ત્યાં પણ કાલા ફોલનાર બેન હોય કે પછી તમાકુની ખળીમાં કામ કરતાં બેનો હોય કે પછી ખેતમજૂર હોય, દરેકમાં તેમનો સાથ હોય જ. સહકારી મંડળીઓમાં મત્સ્યગંધા, હરિયાળી મંડળીઓ બનાવી શ્રમજીવી બહેનોને રોજગાર સાથે જોડયાં. 'સેવા' બેંક માટે શેરફાળો એકઠો કરવા ઘરે-ઘરે ફર્યા..



સેવાની ચુંટાયેલી કારોબારી ૧૯૮૭-૮૯, આમાં નીરૂબેનને શોધો...

આવા અનેરા, શ્રમજીવી નીરૂબેન આજે સદેહે આપણા સાથે નથી રહયાં પણ 'સેવા'માં તો તે હંમેશા સાથે જ છે. તેમનો ફાળો 'સેવા' કદી નહી ભૂલે.

અનસૂયાનો આ અંક અમારા સૌના પ્રિય નીરૂબેનને અર્પણ છે. તેમણે જ લખેલી તેમની જીવનકથની 'અમે પ્રોફેસર થત ા ગયા' શિર્ષક સાથે આ અંકમાં તેમને શ્રદ્ધાંજલિ આપતાં લીધી છે.

ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના..

સ્વર્ગસ્થ નીરૂબેનનો જીવનવૃતાંત તેમના જ શબ્દોમાં..

(સાભાર : 'મારી બહેનો સ્વરાજ લેવું સહેલ છે' પુસ્તકમાંથી)

# ''અમે પ્રોફેસર થતા ગયા''

**નીરૂબહેન જાદવ**

હું યાદ કરું ત્યારે મારી ઉંમર ૧૨ થી ૧૩ વર્ષની હશે અને મારા લગ્ન થયા, હું છઠ્ઠુ ધોરણ ભણતી હતી લગ્ન વિશેની મને કોઈ ખબર પણ હતી નહી, પણ મારા પિતાએ મારા મોટાબેનના લગ્ન હતા એટલે મને પણ નાની ઉંમરમાં પરણાવી દીધી હતી. હું લગ્ન પછી છઠ્ઠુ અને સાતમું બે ધોરણ ભણી પણ, સાતમાં ધોરણમાં નપાસ થઈ અને મોટી પણ થઈ ગઈ એટલે સાસરેથી તેડું આવ્યું. મને સાસરે વળાવી. હું સાસરે આવી તો મારા પતિ કોઈ ગામડાંની સ્કૂલમાં માસ્તર હતા. ગામ બહુ દૂર હતું એટલે શનિ રવિ ઘરે આવતા પણ, પગાર બહુ ઓછો હતો તે, મારા સસરાને પસંદ હતું નહિ અને તેઓ વારંવાર માસ્તરની નોકરી છોડવા માટે કહેતા કે તારા સસરાને કહે તને મિલમાં કામે લઈ જાય, ત્યારે મારા પતિ કહેતા કે મને મિલમાં કોણ રાખે ? મને તો કામ આવડતું નથી, તો મારા સસરા દબાણ કરતા કે તારા સસરા મિલમાં મુકરદમ (જોબર) છે તો તને શીખવાડશે અને મિલમાં રાખશે. ત્યારે તે જમાનામાં કોઈ મિલમાં કામ કરતા તેના જલ્દી લગ્ન પણ થઈ જતા, એટલું મિલ કામદારનું માન હતું. કારણ પગાર ઘણાં સારા કહેવાતા હતા, અને માસ્તરના પગાર ૨૫-૩૦ રૂા. હતો એટલે મિલ કામદારનું સ્ટેટસ ઘણું સારું કહેવાતું.

આ ખેંચાખેંચીમાં મારા પતિએ માસ્તરની નોકરી છોડી અને



નીરૂબહેન તેમના પતિ મંજુલાલ જાદવ સાથે

મિલમાં કામ શીખવા ગયા અને તે છ મહિનામાં તૈયાર થઈ ગયા. ત્યારબાદ લગભગ ૧૯૫૨થી ૧૯૫૪માં મારા પિતાજીએ અમદાવાદ બોલાવી અને તેમને જાપાની લ્મુમ્સમાં કામ શીખવાડીયું અને તેઓ વિક્રમ મિલમાં ત્રીજી પાળીમાં કામ કરતા થયા. અને મારે તેમની સાથે અમદાવાદ આવવાનું થયું ત્યારથી આજ સુધી હું અમદાવાદને મારું ઘર ને ગામ ગણીને રહું છું. મારે ત્રણ સંતાનો થયા, બે દીકરી અને એક દીકરો. ત્રણે સંતાનોને ગ્રેજ્યુએટ કર્યા, પરણાવ્યા અને સહુ પોત પોતાના સંસારમાં સુખશાંતિથી રહે છે.

મારા સંતાનો નાના હતા. મારા પતિની પાળી દર મહિને બદલાતી તેથી બપોરનો સમય મારો નવરો હતો, ત્યારે મને થયું કે ભણેલી છું તો કંઈક કરું. ત્યારે મજૂર મહાજનમાં નારી વિભાગ હતો તે વિભાગ દ્વારા સીવણના ક્લાસ ચાલતા હતા. હું તેમાં શીખવા ગઈ. એક વર્ષની તાલીમ લીધી, પરીક્ષા આપી અને તેમાં હું મારા ક્લાસમાં ફર્સ્ટ આવી. સંજોગ દરમિયાન અમને સીવણ શીખતા બેનને (જયાબેન) બહારગામ જવાનું થયું, ત્યારે બેને મ.મ. (મજૂર મહાજન)માં ભલામણ કરી. હું બહારગામ જાઉં છું તો મારા ક્લાસમાં પાસ થયેલા નીરૂબેનને ક્લાસમાં શિક્ષિકા તરીકે લો, તો ક્લાસ સારો ચલાવશે અને સંખ્યા પણ તમારી વધશે. ત્યારબાદ મને મ.મ.માં બોલાવી મારો ઇન્ટરવ્યું લીધો, મને પાસ કરી અને મ.મ. સીવણ ક્લાસમાં મેં દસ વર્ષ સુધી શિક્ષિકા તરીકે કામ કર્યું.

મ.મ.માં શિસ્તમાં માને જેવી કે ભાઈઓ માથે ખાદીની ટોપી પહેરે ને બહેનો ખાદી પહેરીને ઓફિસે આવે એવો આગ્રહ રાખે અને સાદાઈ બહુ જોવામાં આવતી. આ હું લખું છું તે ૧૯૬૩થી ૧૯૮૧ સુધીની વાત છે. આ સંસ્કારો 'સેવા'માં આવ્યા કે પ્રાર્થના કરવી, ખાદી પહેરવી, શિસ્તમાં રહેવું વિ.વિ.

મારો એક સિવણ શિક્ષિકા તરીકેનો પ્રસંગ જે હું અહીં લખ્યા વગર રહી શકતી નથી. એક વખત હું ક્લાસમાં પાંચ મિનિટ મોડી પહોંચી તો મારો સમય ૧૨ થી ૪નો હતો.

૧૨ ને પાંચ મિનિટે ક્લાસ પર પહોંચી તો નંદશંકરભાઈ ભટ્ટ વિઝિટે આવેલા તો તેઓ એ મને ચિઠ્ઠી લખી હતી. તમે આજે ને આજે ચાર વાગે મને ઓફિસે મળવા આવશો. ક્લાસ બંધ કરી પાંચ વાગે ઓફિસે ગઈ. ભટ્ટ સાહેબને મળી તેમને મારો ગુનો કહ્યો. તમે પાંચ મિનિટ મોડા કેમ આવ્યા. મેં જવાબ આપ્યો મારી દીકરીની સ્કૂલે જવાનું હતું તેથી મોડું થયું. હું તો કાયમ સમયસર આવી જાઉં છું. હવેથી મોડું નહીં થાય તેમ જણાવ્યું તો મને કહે છોકરાં ભણાવવાના હોયને તો નોકરી ના કરો. છોકરાઓને ભણાવો અહીં આવું નહિ ચાલે. મેં પણ ગુસ્સો કર્યો અને લો રાજીનામું મારે પણ રૂા. ૪૦ તમારી નોકરી નથી કરવી. હું બે કપડાં સીવીસ ને રૂા. ૧૦નું કામ કરી લઈશ. મારે પણ આવા કડવા શબ્દો સાંભળવા નથી અને હું રાજીનામું લખી મજૂર મહાજનના પગથિયા ઉતરી ગઈ. શ્રી ભટ્ટ સાહેબે મારું રાજીનામું વાંચી બીજે દિવસે ૧૨ વાગે ક્લાસ પર સેંગાલને લઈ આવ્યા. મને કહે નીરૂબહેન તમારું રાજીનામું હું આ ફાડી નાંખું છું. આજે વિઝીટમાં તમારો સમય બરાબર છે. મને મારી ભૂલ સમજાઈ છે.

તે દિવસે મને ઘણો આનંદ થયો હતો, કારણ શું જાણો છો ? તેમણે મને ખોટી પાડી આળ (જુઠ્ઠાણું) ચડાવ્યું હતું. તેમાં મારા સચનો વિજય હતો અને ત્યારબાદ તો મારું તેમણે ઘણું માન વધાર્યું હતું અને દરેક પ્રોગ્રામમાં મને ખાસ બોલાવતા હતા, અને આમ સીવણ શિક્ષિકાના દસ વર્ષ મેં પૂરા કર્યા. ૧૯૬૩થી ૧૯૭૨ સુધી મ.મ. સાથે કામ કર્યું હતું અને એમાં મારો બીજો જન્મ 'સેવા'માં થયો ૧૯૭૨માં.

આમ તો હું ઈલાબેનને જાણતી નહોતી એવું નહોતું અમે ૧૯૬૮માં મહાજનમાં હતા ત્યારે ત્રણ ધામની જાત્રા કરેલી. પહેલી જાત્રા ઉત્તર ભારતમાં ત્યારે અમે બધા બહુ નજીક આવેલા ૪૦ દિવસ સાથે જ દિરાત ટ્રેનના ડબ્બામાં આટલો લાંબો પ્રવાસ કદી કરેલો નહીં. ઈલાબેનની હિંમતે બધે દરસન થયા. એક ગંગાબેનની વાત કરું. થોડા ઘણાં લડવાડિયા. નદીએ ન્હાવા ગયેલા ને સાડી એમની ખોવાઇ ગઇ. રડવા લાગ્યા, ઈલાબેને કહ્યું બીજી લાવીશું. તો એ કહે સાડી હું માંગી લાવેલી, ઈલાબેને કહ્યું આપડા પાસે જે હોય તેનાથી ચલાવાનું, માંગવાનું નહિ. મને ઈલાબેનની એ વાત બહું ગમેલી. બીજી પણ એક વાત કહું બહેનોની જાત્રા અમે બધાજ જુવાન તે વારાફરતી કોઇ ને કોઇ તો ટાઇમમાં હોય જ. જ્યારે એક જગાએ ગંગા નદી ઓળંગવાની આવી નાવળાંમાં બેસવાનું તે બે બેનો ટાઇમમાં તે ના બેસે, કહે પાપ લાગે. બેને કહ્યું, બેસી જાઓ, તમારા બધાના પાપ મારે માથે. હું તો સાંભળી જ રહી. નાવમાં બધા ચૂપચાપ બેસી ગયા. ને દરસન કરીને એજ નાવમાં પાછા આવ્યા ગંગા પાર કરી એનું પુણ્ય લીધું ને અમારા મન પુલકિત થઇ ગયા. બેને પછી કીધેલું કે આ તો સ્ત્રીધર્મ કહેવાય. ભગવાનની આપણે સ્ત્રીઓને ખાસ ભેટ છે એવું કહ્યું. આમ, બેનના સ્વભાવનો પરીચય થયેલો તો હતો જ. આ જાત્રાઓ ભૂલાય નહિ બહું હિંમત ને શીખવાનું મળ્યું. આ શીખેલું ઘણાં વર્ષો પછી જ્યારે હરિયાળી શાકભાજીની મંડળીની હું પ્રમુખ ત્યારે દક્ષિણ ભારતની જાતે પંડે લઇ ગયેલી તે શીખેલું બહું કામમાં આવ્યું. આ તો બધી પટણી બહેનો તેમને સંભાળવાનું સહેલું નહોતું, હવે પછી સીવણ ક્લાસની વાત પર આવી જાઉં છું.

મને 'સેવા'માં શ્રી ઈલાબહેનને બોલાવી અને કહ્યું તમારે હવે મ.મ. સિલાઇ ક્લાસમાં જવાનું નથી અને 'સેવા'માં કામ કરવાનું છે. મને તો કોઇ આવડત હતી નહીં. મને થયું કે શું કામ કરીશ ? જો બહેનોને ડ્રાયગામ કટીંગ સિલાઇ વિ.વિ. આજ સુધી શીખવ્યું છે તો હું શું કામ કરીશ 'સેવા'માં ? મનમાં આ ગડમથળ ચાલતી હતી અને પાછી હું તો ક્લાસ પર આવી ગઇ, પણ બેનને ખબર પડી ગઇ કે નીરૂબેનથી ક્લાસ છૂટે નહિ, તેથી ઈલાબેન બીજે દિવસે ક્લાસ પર આવ્યા અને ક્લાસની બહેનોને કહી દીધું હવેથી નીરૂબેન તમને સિલાઇ શીખવવા આવશે નહિ. બેન 'સેવા'માં કામ કરવા આવશે. બધી બહેનો નારાજ થઇ પણ શું થાય. અને મેં પણ સીવણ ક્લાસને રામરામ કર્યા. મને પણ ક્લાસ છોડ્યાનું ઘણું દુઃખ થયું હતું.

હવે નવા જન્મની વાત પહેલાં મને થયું કે 'સેવા' એટલે બહેનોની સેવા કરવાની હશે ? 'સેવા'ના અર્થની મને ખબર જ ન હતી. પછી ધીમે ધીમે જાણ થવા માંડી. 'સેવા' એટલે સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (શ્રમજીવી બહેનના સંઘ).

રોજ લાલદરવાજા ઓફિસે આવવાનું પણ કામ શું કરવાનું, કેવી રીતે કરવાનું એની કોઇ ખબર જ ના પડે, પણ મનને એવી ખબર ખરી કે કામ કરતી બહેનોને મળવું તેમને શું તકલીફ છે તે જાણવું.

ત્યારે 'સેવા'માં ચાર બહેનો જ કામ કરતા, તેમના નામ હું જણાવીશ - માયાબેન, નીરૂબેન, મહાલક્ષ્મીબેન અને શારદાબેન અને 'સેવા'ના મુખ્ય શ્રી ઈલાબેન હતા. મને થોડી જાણ હતી કે બેન સેવા સેવા કરે છે. તો બેન ઇઝરાઇલ પણ જઇ આવ્યા પછી બેન સંગઠનની વધારે વાત કરે છે. કામ ઘણું અઘરૂ હતું. અને નવું પણ હતું. સમય પણ ઘણો જતો હતો. તેમાં અમે કામ કરવા પેઠા હતા. અનુભવ વગર જેવું કંઇ હતું નહિ પણ મને બેનો જોડે કામ કરવાનો અનુભવ હતો અને તેથી અમે જુદા જુદા ધંધાની બહેનો સાથે કામ કરવા લાગ્યા. રોજ રોજ ફીલ્ડ વર્ક કરવું. રોજ ઓફિસમાં રીપોર્ટ આપવો. આ ચાર બેનોને મળવાનું અને એના પ્રશ્નો શું છે તે જાણવાના. શું ઉપાય કરવો તેની ખબર નહોતી. અમે કોઇ પ્રોફેશનલ તો હતા નહિ. તેમ વધુ ભણેલા પણ ન હતા, છતાં અમે 'સેવા'નું ગાડુ દોડાવતા ગયા. મને લાગતું કે મને પાંખો ફૂટે છે કે શું ? બેનોને વિશ્વાસમાં વાત કરી કાલે પાછા આવીશું તેમ કહીને છૂટા પડતા.

જુના કપડા, શાકભાજી વેચનાર અને માથોડા મજૂરીવાળા બેનોની સાથે કામ વધારે કરતી. લાલ દરવાજાથી ચાલીને રેંટીયાવાડી, ઓતમપોળ, દિલ્હી દરવાજામાં જૂના કપડા વેચનાર સાથે કામ કરતી. રોજ રોજ તેમને મળતા. તેઓનો વિશ્વાસ પણ મેં કેળવ્યો હતો તેથી બહેનો સાથે સારો તાલમેલ હતો.

આ બેનોના ધંધાના સ્થળે ત્યાં જ બેનો મળતી લવાજમ વાર્ષિક ત્રણ રૂપિયા પણ બેનો ૧ રૂા. આપે, આઠ આના આપે તેમની પાસે નાની નોંધ ડાયરીમાં પણ લખાવે. એમ થતા ત્રણ રૂપિયા થાય ત્યારે તેમને હું રસીદ આપતી. લવાજમ લેવામાં ઘણી તકલીફ થતી, સાથે તેમને પણ લવાજમ પૂરું કરવાનું હોય એટલે તેમને કાયમ મળતી. બેનોની હોંશ મારી હોંશ વધારે, હું આ રીતે સભાસદ બનાવતી.

અમે ચાર બહેનો જુદા જુદા વિસ્તાર અને જુદા જુદા ધંધાવાળી બેનો સાથે કામ કરતા અને અમે પણ 'સેવા'નું સૂત્ર સમજતા થયા. આ ચાર બેનો પછી અમારી સાથે એક બહેન ખૂબ સારું ભણેલા અને બહુ નાની ઉંમરના હતા. ઈલાબેને તેમનો પરિચય કરાવ્યો આ બેન બહું ભણેલા છે.

તમને ખબર છે પરદેશમાં હાવર્ડ યુનિવર્સીટીમાં ભણેલા છે. તે 'સેવા'માં કામ કરશે ? શું તમને લાગે છે કે આ બેન આપણી સાથે કામ કરશે ? અમે ચારે બેનો અંદર અંદર ચર્ચા કરી. ઈલાબેને મને પૂછ્યું, શું નીરૂબેન આવા સારા બેન આપણી જોડે ગરીબ બેનોનું કામ કરશે ? મેં તરત જ કહ્યું હા બેન કરશે. બેને કહ્યું તમને કેમ લાગ્યું કે કરશે ? મેં બેનને કહ્યું તેઓ આટલું ભણીને આવ્યા છે અને તેમનો પણ કોઇ ધ્યેય હશે એટલે તો 'સેવા'માં આવ્યા છે. તે

બેનનું નામ છે, રેનાનાબેન ઝાબવાલા. હું ભણેલી પણ થોડુંક જ, તો ય અમે બેઉ સાથે કામ કરીએ.

રેનાબેનના આવ્યા પછી તો 'સેવા'માં પ્રોફેશનલ ઘણાં બેનો આવ્યા. સાથે સાથે શ્રમજીવી બેનો આવ્યા અને 'સેવા'નો વિસ્તાર મોટો થતો ગયો.

મને શાકભાજી વેચનાર બેનો સાથે કામ કરવાનું ગમે, કારણ કે બેનો હિંમતવાળા, તેઓ ખુલ્લા બજારમાં શાકભાજી વેચે, કોઈની શરમ નહિ, પહેલી સવારમાં પીઠામાં જાય, જથ્થાબંધ શાકભાજી ખરીદે અને ખુલ્લા બજારમાં વેચે પણ તેમને પોલીસનો ડર બહું લાગે. પોલીસ ડંડો લારી જોડે પછાડે અને બે અપશબ્દ બોલે, પછી બે પાંચ રૂપિયા લાંચ લઈ જાય. કાયમનો ત્રાસ. એક દિવસ હું દાણાપીઠમાં શાકમાર્કિટમાં ગઈ અને પોલીસની પાછળ પાછળ ચાલતી. પોલીસ એક લારીવાળાબેન પાસે ડંડો પછાડ્યો અને કહે કે બે રૂપિયા લાવ આપી દે. જેવો પેલો પોલીસ બે રૂપિયા લીધા તેવો જ મેં તેનો હાથ જોરથી પકડ્યો અને કહ્યું શા માટે બે રૂપિયા લીધા ? તો કહે, અહીં ઊભા રહે છે માટે ! મેં એને જવાબ આપ્યો શું બે રૂપિયા આપશે એટલે કાયદેસર ઉભા રહેશે ? પોલીસ મારા ઉપર ખીજવાયો અને કહે તમે તમારા રસ્તે જાઓ. ત્યારે મને પણ ખીજ ચડી. ઊભો રહે હવે હું બતાઉં છું કે કોણ છું. મેં તેનો હાથ સજ્જડ પકડ્યો. ચાલો, તમારા પોલીસ સ્ટેશને તમારા પી.આઈ.ને મારે મળવું છે. તમારી પોલ ખોલવી છે. પોલીસ કહે, તમારી પાસે શું સાબિતી છે. મેં તરત જ જણાવ્યું, આ ખીસામાં પૈસા ભેગા કર્યા છે તે બધા લાંચના છે અને હું સાબિત કરીશ. પોલીસ કહે રૂપિયા તો બધાની પાસે હોય અને તમારી પાસે પણ છે તો તે લાંચ કહેવાય. જો કહ્યું તારી મારી અને બીજાની વાત જુદી છે, પણ તારી સાબિતી મારી પાસે સલામત છે. મેં કરડાકીથી કહ્યું. એટલે એ થોડો ઠંડો પડ્યો, પછી મને નરમાશથી કહ્યું, તમારી પાસે મારી શું સાબિતી છે ત્યારે કહ્યું તમારા ખીસાના રૂપિયા બધાં ય ચોળાયેલા છે. જ્યારે મારા અથવા કોઈના પણ રૂપિયા ગડીબંધ સરસ રીતે ગોઠવાયેલા છે. બોલો વાત ખરી કે ખોટી ત્યારે પેલો પોલીસ નમ્યો અને મારી માફી માંગી. બેન મને તમે મારા સાહેબ પાસે લઈ જશો, તો મારા બૈરી છોકરા રઝળી જશે. મને માફ કરો હવેથી હું કોઈ લાંચ લઈશ નહીં ત્યારે મેં પેલા લારીવાળા બેનની માફી મંગાવી અને પોલીસને બરાબરનો પાઠ ભણાવ્યો અને પોલીસ પણ ત્યાં (દાણાપીઠ) આવવાનું ભૂલી ગઈ ત્યાંની બહેનો પોલીસના ત્રાસમાંથી મુક્ત થઈ અને મારે પણ ગર્વ લેવા જેવી વાત થઈ અને ત્યાંની બહેનોની દુઆ મળી. ત્યારથી ઈલાબેન મને 'સેવા'ના ડી.એસ.પી. કહીને ઓળખાણ કરાવે.

શાકભાજીના સભ્યો મારા કામની અંદર આવે. એટલે જ્યાં દબાણ આવે ત્યાં મારે જ જવું પડે. માલસામાન છોડાવવો, એસ્ટેટ ખાતામાં જવાનું, પાથરણાવાળાને બેસાડવા અને ત્યાં જ મારે બે કલાક બેસવું પડે. જેથી બહેનોને શાંતિ મળે, દબાણ અને પોલીસમાંથી મુક્તિ મળે, જુના કપડાંવાળી બહેનો સાથે પણ મારે જવું પડતું. માથોડાવાળી બહેનો જોડે પણ કામ કરતી હતી. જ્યારે જ્યારે તેમની સાથે વાત કરતી ત્યારે એક વાત એ હતી કે તેમને ધંધા માટે પૈસાની બહુ જરૂર પડે. કોઈ ધીરાણ તો આપે નહિ, પણ સ્થાનિક વેપારી પાસેથી આ બહેનો ૧૦૦ રૂા. લે અને સાંજે ૧૧૦ રૂા. ચૂકવવા પડે અને આ રીતે તેઓનો ધંધા અર્થે સંબંધ ચાલતો હતો. આટલું બધું વ્યાજ, મને જાણીને હૈયે વાગયું.

તે સમય દરમ્યાન સરકાર તરફથી ગરીબ બહેનોને રૂા. ૫૦૦ની લોન આપવી, એવું બેંકોને ફરમાન થયું. બેંકવાળા ક્યાં શોધવા જાય ગરીબ બહેનોને તેથી આપણી પાસે ધંધાવાળી બહેનોનું સંગઠન હતું અને બુચ સાહેબ બેંક ઓફ ઈન્ડિયાના મોટા હોદ્દેદારો હતા, તેથી આ ગરીબ બેનોને લોન આપવા માટે 'સેવા'નો સાથ લીધો અને ફોર્મ ભરવાના લોન આપવાની વિધિ 'સેવા'માં (મ.મ.ના હૉલમાં) શરું કરી. બેનોના લોનના ફોર્મ મ.મ.માં ભરાય છે તે વાત બહેનોમાં ફેલાતા મ.મ.ના પ્રાર્થના હૉલમાં ખૂબ ભીડ થતી અને આ બહેનો આખો હૉલ ખરાબ કરતી. બહેનો બીડી પીએ. છીંકણી ઘસે ને નાના બાળકોને લઈ આવે, તો તેઓ ગમે ત્યાં ગંદકી કરતી હતી અને આ કારણે મ.મ.ના માણસો (નેતાઓ) 'સેવા'ના કાર્યકર્તાઓને ઠપકો આપતા અને સંઘર્ષ પણ થતો હતો. મ.મ.માં 'સેવા'ની ઓફિસ જેવું તો હતું નહિ. પ્રાર્થના હૉલમાં પાછળની ગેલેરીમાં 'સેવા'માં કામ કરતી. કોઈ ફરનીચર તો મળે નહીં. બાંકડા પર બેસવાનું, ઘોડામાં ફાઈન અને ચોપડા મૂકવાના. બપોરના ૧૨ થી ૪ મ.મ.ના ટેબલ ખુલશી વાપરવાના અને પાછા તેની જગાએ મૂકવાના. આ રોજનો કાર્યક્રમ. જગાના અભાવે કામની મુશ્કેલી ઘણી પડતી પણ 'સેવા' નવી હતી, નવું કામ હતું એટલે જ્યાં જે મળે તેનાથી કામ ચલાવી લેવું. લોનના બહેનો એટલી બધી ભીડ થતી કે અમે અમારી જાતે ઈલાબેન સાથે રૂમમાં પૂરાય જતા કારણ કે, તેમનો કંટ્રોલ અમારાંથી થતો નહિ, અને અમે પણ નવા નિશાળીયા હતા એટલે અમે પણ તેમાંથી બોધપાઠ લઈને શીખતાં. જૂના કપડાં વેચનાર બહેનોનું એક સંમેલન 'સેવા'એ નારણઘાટમાં યોજ્યું હતું. આ સંમેલનમાં શ્રી. બુચ સાહેબ પણ હાજર રહ્યા હતા. તેમાં ધંધામાં પડતી મુશ્કેલીની વાત થઈ ત્યાં બહેનોએ માંગણી કરી કે, 'સેવા' વાસણભંડાર ખોલે અને ત્યાંના પ્યાલાંબરણીવાળા બહેનો વાસણ ખરીદે તેમ જણાવ્યું. ઘણી બહેનો રાજી થઈ પણ ચંદાબેને કહ્યું કે, આપણને તો પૈસાની જરૂર છે. તો વાસણ ભંડાર ખોલીને શું કરશું ? એના કરતા આપણી જ બેંક હોય તો કેવું ? ચંદાબેનનો વિચાર બહુ સારો પણ પડકાર ઘણો મોટો. ગરીબ અને અભણ બેનો વળી બેંક બનાવવી એ સહેલી વાત થોડી છે. ત્યારે બેનોની હિંમત ઘણી હતી. મીટિંગમાં નક્કી કર્યું કે ચંદાબેનની વાત પર આપણે ફરી મળીશું. બેંક ખોલવા માટે શું વિધિ કરવી પડે અને શું શું કરવું પડે તેની જાણકારી લઈ પ્રયત્ન કરીશું તેમ જણાવ્યું. આ 'સેવા'નું પહેલું સંમેલન હતું પણ મોટું હતું. બહેનોને ઘરેથી રોટલા, ભાખરી કે રોટલી લાવવાનું કહ્યું હતું અને 'સેવા'એ શીખંડ મંગાવ્યો હતો અને સાથે ભોજન કરવાનું હતું તેવું નક્કી થયું હતું. પણ સંમેલન પૂરું થતા બહેનોને શીખંડ વહેંચતા પડાપડી થઈ, વ્યવસ્થા જળવાઈ શક્યા નહીં. અમે કાર્યકર્તા ઓછા ને બહેનો વધારે. બધા કાર્યકર્તા શીખંડથી ન્હાઈ

ગયા અને શીખંડ માટે બહેનોની લુટાલુટ ને કારણે વધેલો શીખંડ પાછો મોકલાવો પડ્યો અને આ બહેનો શીખંડ ના પહોંચતા ઘણું દુઃખ થયું. ત્યારે નક્કી કર્યું કે હવે પછી જયારે પણ મોટું સંમેલન મળે ત્યારે અગાઉથી તેની તૈયારી કરવી જેથી ફરીવાર શીખંડ જેવી હાલત ન થાય. આમ, નવું નવું શીખતા જ ગયા.

હવે સંમેલન પૂરું થયું અને આગળ બેંક બનાવવા માટે શું કરવું તેની પ્રક્રિયા શરું થઈ. સહુ પહેલાં આ બેનોના શેર લેવા પડે. ૧૧ રૂા. અને શેરભંડોળ ભેગું કરવું. આ માટે 'સેવા'માં તો ચાર કાર્યકર્તા હતા, તો 'સેવા'નું કામ કરવું કે બેંક બનાવવા માટે શેરભંડોળ ભેગું કરવું. ચાર બહેનોમાંથી બે બહેનો શેર માટે કામ કરે, બે બેનો 'સેવા'નું કામ કરે એવું નક્કી થયું. શેરભંડોળ ઉઘરાવવા માટે મને અને મહાલક્ષ્મીબેનને કામ સોંપાયું. મહાલક્ષ્મીબેન સીવણ વિસ્તારમાંથી શેરભંડોળ ઉઘરાવે. હું ધંધો કરતી બેનોના વિસ્તારમાંથી શેરભંડોળ લાવતી. હવે આ બહેનો જુદા જુદા વિસ્તારમાં રહે. જુદા જુદા સ્થળે વેચવા જાય એટલે ઘણીવાર મોડી સાંજે તેમના ઘરેથી શેર માટે પૈસા ઉઘરાવતી. તે વખતમાં રૂા. ૧૧ એટલે મોટી બહુ મોટી રકમ તો બે વખત ત્રણ વખત ધક્કા ખાવા પડતા. પૈસા ઉઘરાવવા બહુ કઠીન કામ હતું પણ, બેંક બનાવવી છે એટલે મહેનત તો કરવી પડશે. એ મનમાં ચોખ્ખું ચિત્ર હતુ અને પ્રયત્નો ચાલુ રાખતી.

મારો અનુભવ કહું તો શેરના પૈસા સાંજે જ જમા કરાવવા પડે. મજૂરબેંકમાં તો એક વખત જરા વધારે મોડું થયું. બેંકમાં પૈસા ભરવા ગઇ તો કેશીયરે મારું અપમાન કર્યું. અને મને કહે તમારાથી જે થાય એ કરી લેજો, આવી જૂની ચુંથાયેલી નોટો અને વ્યવસ્થિત ગોઠવેલી નોટો નથી. હું જમા નહિ લવુ. તમારે પૈસા ભરવા હોય ને તો મારા સમયમાં આપજો. મેં તેમને મારી પરિસ્થિતિ સમજાવી પણ તૈયાર જ ન થાય અને જાણે હું ગુનેગાર હોઉ તેવું વર્તન કર્યું. મને પણ રીસ ચડી. હું પહોંચી મજૂર મહાજનમાં બુચસાહેબને મળી. બધી વાત સમજાવી. તેમને પણ લાગ્યું કે આટલી મહેનત કરી પૈસા લાવે છે તો કેશીયરે સ્વીકારવા જોઇએ. મને કહ્યું તમે બેસો હું બોલાવું ત્યારે આવો. હું ઈલાબેનની ઓફિસમાં બેસી. એક તો શિયાળો. સાંજના ૭ વાગી ગયા તા અને અડધી રાત જેવું લાગે. મને પણ ઘરે જવાનું મોડું થાય. તેથી મને ચિંતા થતી હતી. બુચ સાહેબે મજૂરબેંકના કેશીયરને રસીદ લઇ બોલાવ્યા. કેશીયર ઓફિસમાં બુચસાહેબ પાસે આવ્યા અને મને કહે તમારા શેર પૈસા આપી દો, મારી સામે અને રસીદ લઇ લો અને હવે પછી મજૂરબેંકમાં કોઇ કનડગત કરશે નહિ, તેવી તેમણે મને ખાતરી આપી અને મારો કાયમ માટેનો પૈસા ભરવાનો ભય ગયો અને મેં શાંતિ અનુભવી. આ વિધિ બેંક બનાવવા પહેલી હતી, ત્યાર પછી શું શું કરવું પડે એ મને ખબર નથી, પણ બેંક બનાવી અને મજૂર મહાજનના ભોંયરામાં મૂહુર્ત કર્યું. ત્યાં બેંકની સ્થાપના થઇ ત્યાર પછી બેંક મજૂર મહાજનના મકાનમાં ઉપર લઇ આવ્યા પછી બેંકનું કામકાજ ખૂબ વધી ગયું અને બેંક મોટી ને મોટી થતી ગઇ. પોતાનું મકાન કર્યું.

આ સમય દરમ્યાન 'સેવા'ને મજૂર મહાજનના વડીલો સાથે ખટરાગ થતો. ખાસ કરીને ઈલાબેનને મેગસેસ એવોર્ડ મળ્યા પછી તો તે લોકો 'સેવા'ને બહુ હેરાન કરતા. મજૂર મહાજન પ્રતિનિધિનું સંમેલન વડતાળમાં મળ્યું તેમાં 'સેવા'ને આમંત્રણ આપ્યું અને 'સેવા' ગઇ. તો ત્યાં તો ખુલ્લેઆમ અપમાન કર્યું અને કહ્યું હવે 'સેવા'ને મજૂર મહાજન સંઘમાંથી કાઢો એવો નિર્ણય લીધો. આ નિર્ણયથી 'સેવા'ને ૧૯૮૧માં મે ૧લી તારીખથી તાત્કાલિક જતા રહેવું તેવું જણાવ્યું અને 'સેવા'એ પણ મજૂર મહાજન છોડ્યું. નવા મકાનમાં આવી કોઇ સગવડ હતી નહી. છતાં માથે છાપરૂ છે એટલે વાંધો નહિ આપણે અહીં કામ કરીશું. હાશ હવે શાંતિ થઇ. આપણે આપણી જાતે નિર્ણય લઇશું. આપણે કોઇ રોકટોક નહિ. આની સાથે પહેલ વહેલા સભા અંખડઆનંદ હૉલમાં મળી હતી, જેમાં કહેવાયું ટોપી વગરની પહેલી બહેનોની સભા. હૉલ ચિક્કાર ભરાય ગયો અને આગેવાન બહેનોએ મુક્તપણે ભાષણો કર્યા, ત્યારે મને પણ થયું હતુ કે, હવે શાંતિથી 'સેવા'નું કામ થશે. અને આમ એક જાતનો માથે ભાર ઓછો થયો. આઝાદ થયાને એટલે.

'સેવા'માં આગેવાન એટલે શું તેની મને ખબર નહતી, પણ 'સેવા'માં ખબર પડી કે ગૃપમાં કોઇ એક બેન લીડર બને અને તેની જવાબદારી લે તે આગેવાન. આમ સમજથી આગેવાનો બનાવ્યા. 'સેવા'ના કામ સાથે સભ્યો વધ્યા અને આગેવાનો પણ વધ્યા. મ.મ.થી છૂટા પડ્યા પછી કામ ઘણું વધી ગયુ. ગામડાઓમાં પણ કામનો વ્યાપ વધ્યો.

'સેવા'એ પણ ઘણા મોટા મોટા પ્રોજેક્ટો વધાર્યા. પ્રોફેશનલ બહેનો આવવાથી 'સેવા'નો પણ વિકાસ થયો. 'સેવા' ભારત અને 'સેવા' પરદેશમાં ફેલાઇ. શ્રમજીવી બેનોના પ્રશ્નો દરેક ઠેકાણે સરખા હતા તેથી 'સેવા'નો વધારો થયો આજે તો 'સેવા' ઘણી મોટી થઇ ગઇ છે. અને 'સેવા'ની ભગીની બેન (તે અમારી બેંક) પણ 'સેવા'ની જેમ મોટી થઇ છે.

આ 'સેવા'ને કારણે મેં પણ નાટકના જુદા જુદા પાત્રો ભજવ્યા છે.

જેમ કે શાકભાજી વેચનાર બેનોના પડકાર સમાન પોલીસ સ્ટેશનમાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કામ કર્યું. વેચનાર બેનોના બાળકો માટે દરિયાપુરમાં ઘોડિયાઘર ચલાવ્યું. 'સેવા'ના બાળમંદિરમાં સુપરવાઇઝર તરીકે કામ કર્યું. સાણંદમાં આંખો માટે કેમ્પ કર્યો. ડોક્ટરને ભેગા કરી ગરીબ ભાઇ-બેનોના મફતમાં મોતીયાના ઑપરેશનો કરાવ્યા.

શાકભાજીવાળાની વાત છે એટલે હું માણેકચોક અને દાણાપીઠમાં વેચનાર બેનોની વાત કહ્યા વગર રહું નહિ. તેથી માણેકચોકની વાત કરું છું. માણેકચોકમાં કાયમ દબાણ અને ટ્રાફિક પોલીસની કનડગત આ (વેપારીઓ શાકભાજી લુટ્સ) વેચનારને હેરાન કરે, માલ રસ્તા પર ફેંકી દે, માલસામાન દબાણથી ગાડીમાં લઇ જાય અને 'સેવા'ની બહેનો છોડાવા જાય. આમ અડધો દિવસ તેમનો ધંધો બગડે. આ વેચનાર વર્ષોથી અહીં ધંધો કરે અને જયારે પણ ટ્રાફિકની વાત આવે એટલે આ વેચનારને દંડે. 'સેવા'એ માણેકચોકનો સર્વે કરાવ્યો અને બધી જાણકારી

મેળવી, પછી માંગણી કરી. મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે આ બેનોને બે ટોપલાની જગા મળવી જોઇએ, જો તમે મોટર સ્ટેન્ડ અને સ્કુટર સ્ટેન્ડ રાખતા હોય તો રોજીરોટી માટે આ વેચનારા તો વર્ષોથી બાપદાદાના સમયથી ધંધો કરે છે. શા માટે તેમને બે ટોપલની જગા માટે સંઘર્ષ થયો ? 'સેવા'એ સુપ્રીમ કોર્ટમાં અવાજ ઉઠાવ્યો. માણેકચોકમાં ધરણા કર્યા. હવે તો બે ટોપલાની જગા મેળવવી તેવો સંકલ્પ કર્યો. ઘણાં વર્ષો સંઘર્ષ ચાલ્યો. કોર્ટમાંથી હુકમ મળ્યો. મ્યુનિસિપલ કોર્ટ બે ટોપલાની જગા આપવાનો ચુકાદો આવ્યો. 'સેવા'ની જીત થઇ. ખુશી મનાવી અને માણેકચોકમાં સત્યનારાયણની કથા કરી. જગા તો હજી સુધી મળી નથી. પણ કાયમને માટે ટ્રાફીકનો મ્યુનિસિપલ દબાણનો ભય ગયો અને વેચનારાઓને ઘણી શાંતિ થઇ. જ્યારે વેચનારા ૩૨૮ જેટલા હતા હવે તો માણેકચોક દાણાપીઠ વચ્ચે ૨૦૦૦ જેટલા વેચનારા થઇ ગયા હશે. બિનઅનુભવે હું મારી પરીક્ષામાં પાસ થઇ તેનો મને ઘણો આનંદ થયો.

કોઇ મંડળી ચલાવવાનો અનુભવ નહિ છતા શાકભાજીની હરિયાળી મંડળી ખૂબ સારી રીતે ચલાવી. 'સેવા'માં મંત્રીપદે ૨૧ વર્ષ સુધી સતત કામ કર્યું. જે પણ મને તક મળી તેમાં કામ કર્યું. જુનાગઢમાં સુથારીવર્ગ સંભાળ્યો. કેમેરો કેમ ચલાવવો અને ફિલમ શુટીંગ કરવું વિ.ની તાલીમ લીધી. માર્થા સ્ટુઅર્ટ કોમ્યુનીકેશન યુ.એસ. દ્વારા અને કેમેરો ચલાવવા માટે અને મીટિંગનું શુટીંગ કરવા આર્સ્ટરડેમ ગઇ હતી, પછી મંડળીના ૧૧ બહેનો જર્મની ગયા હતા. તાલીમ માટે પણ અમને લઇ જનાર અંગ્રેજીમાં ગુજરાતીમાં સમજાવનાર બેનો ત્યાં માંદા પડ્યા તેથી અમારે તાબડતોબડ પાછા ફરવું પડ્યું. જેમાં હું બધી બહેનોને લઇ ભારતમાં પાછી આવી ત્યારે મને થયું કે ભલે મને અંગ્રેજી આવડતું નથી પણ હું આજે આટલી હિંમત કરી પરદેશમાંથી બધી બહેનોને લઇને પાછી આવી તેમાં મને ઘણો આનંદ હતો. 'સેવા'માં મેં જે પણ કામ કર્યા તેની મને કોઇ જાણકારી કે આવડત ન હતી છતા હિંમત અને વિશ્વાસથી કામ કર્યા જેનો મને ગર્વ છે. 'સેવા'ના દરેક કામમાં મારા ઘરવાળા (પતિ) અને મારા બાળકોનો સંપૂર્ણ સાથ અને સહયોગ હતો તેમની હું ખુબ આભારી છું.

મારી ખરી પરીક્ષા થઇ તેની વાત કરું. હું દરેક ધંધામાં કામ કરતી. બહેનો સાથે કામ કરતી 'સેવા'એ ૧૯૭૨થી ૧૯૭૮માં ગુજરાતના શહેરોમાં કામ કરતી હતી. આ શહેર પાટણ. પાટણમાં બીડી બનાવનાર બહેનોની ઘણી સંખ્યા હતી. અમે અવારનવાર પાટણ જતા અને ત્યાંની બહેનો સાથે મીટિંગ કરતા અને તેમને કયા પ્રશ્નો છે તેની અમે વિગતે ચર્ચા કરતા. આ પ્રશ્ન મુખ્ય હતો. તેમને વેતન બહુ ઓછુ મળે. પત્તા સારા મળે નહિ અને સહુથી વિશેષ કે જ્યારે બીડી આપવા જાય ત્યારે છટણી બહુ કરે, પણ વેપારી બેનો માલ જમા કરાવીને જાય એટલે પેલી છટણીવાળી બીડી સારી રીતે જોડે ભેળવે અને આમ બહેનોને અન્યાય કરે.

એક વખત હું અને લીલાબેન પાનસરે પાટણ ગયા. બેનોની મીટિંગમાં આ મીટિંગ લગભગ ૧૦૦ જેટલા બહેનો આવ્યા હતા. મને ઘણો આનંદ થયો. હું જ્યારે પણ પાટણ જાઉં ત્યારે ૨૦ થી ૨૫ બહેનો મીટિંગમાં હાજર રહે. જ્યારે આટલી બધી બહેનોને મેં જોઇ અને મેં લીલાબેન સાથે વાત કરી. લીલાબેન આજે કાંઇ નવાજુની થઇ લાગે છે એટલે કઇક તો હશે જ.

બેનો સાથે બેઠા વાતચીત કરી ત્યારે બહેનોએ તેમની દુઃખની વાત કરી. બેન અમારા માલિક (શેઠ)

મજુરી ઘણી ઓછી આપે છે.

બીડી પત્તા ઘણા ખરાબ આપે છે.

છટણી ઘણી વધારે કરે છે.

બીડીની મજુરી બહુ ઓછી આપે છે. તો

અમે આજે બધી બહેનોએ નક્કી કર્યું છે કે આજે જ માલિકને મળી બધા પ્રશ્નો તમે નિકાલ કરો. હવે અમે તો તંગ થઇ ગયા છે. તમારી 'સેવા' અમે પાટણમાં અમારું કોઇ સાંભળે નહિ અને કાયમ હેરાન કરે. મેં બેનોને સમજાવ્યું આપણે એક સાથે બધા પ્રશ્નો હલ નહિ થાય, પણ એક પછી એક પ્રશ્ન કહીએ અને સમજાવીએ, પણ બેનો તો માની નહિ અને કહે બેન આજે જ સરઘસ કાઢીએ. પાટણની બધી બહેનો આવશે અને આપણે વિરોધ કરીએ. મને થયું આ બહેનો કેવી વાત કરે છે કે કુવો ખોદો અને પાણી કાઢો. મેં તેમને સમજાવ્યું બેનો આપણે ઉતાવળે કામ ન થાય. સરઘસ માટે મંજુરી લેવી પડે, બેનરો તૈયાર કરવા પડે, સૂત્રો લખીને લઇ જવા પડે વિ.વિ. કરવું પડે, પણ બેનો તો જાણે નક્કી કર્યું આજે જ સરઘસ કાઢીએ. બધી બહેનોને એક જ અવાજ સરઘસ. મેં પણ તેમને સમજાવ્યા પણ માન્યા જ નહિ અને નાછૂટકે સરઘસ કાઢવું તેવો મેં નિર્ણય લીધો અને બહેનોની હિંમત અને વિશ્વાસ કેવા છે, મને ત્યારે જ ખબર પડી કે આત્માનો અવાજ શું નથી કરતો. અમે તાત્કાલિક નિર્ણય લઇ સરઘસની તૈયારી કરી, બેનર હાથથી બનાવ્યું, બેનો પુઠા લઇ આવે ઘરથી તેના પર અમારા હાથથી ગળીના પાણીથી સૂત્રો લખ્યા અને ત્રણ ત્રણ બહેનોની લાઇનમાં બીડી બનાવનાર બહેનોનું પહેલું સરઘસ પાટણમાં કાઢ્યું અને સરઘસમાં કઇ બેનો ખબર છે ? બધી મુસ્લિમ બહેનો બુરખા પહેરીને હાથમાં પુઠાના સૂત્રો લઇને લાઇનબંધ સરઘસમાં ચાલે. આશરે ૫૦૦ થી ૬૦૦ બહેનો હતા અને આ સરઘસ જ્યાં માલિકો હતા ત્યાં ગયું. માલિકો તો અવાક થઇ ગયા ! આટલા બધા બહેનો આવ્યા છે ! બહેનોએ ખૂબ નારા લગાવ્યા. ત્યારે બે મોટા માલિકો અમારી પાસે આવ્યા. મેં ત્યાંના સ્થાનિક કાર્યકર્તાને સાથે રાખી અને આગેવાન સાથે લઇ અર્ધો કલાક માથાકુટ કરી ત્યારે ૧ રૂા. વધાર્યો. મને થયું અમારી જીત થઇ. અમારા ન્યાયની જીત થઇ અને ખાસ કરીને બેનોના સંકલ્પની જીત થઇ હતી. પણ અમારી કસોટી કેવી થઇ તે કહ્યા વગર રહી શકતી નથી. અમે બે બહેનો તો ખાલી મીટિંગ માટે ગયા હતા. એટલે ઘરમાં કોઇને ખબર નહિ અને પહેરેલા કપડે ત્રણ દિવસ સુધી રહ્યા. પૈસા પણ મળે નહિ આવું મોટું કદમ ઉઠાવ્યું એટલે આપણે ભોગવવું પડે. અમે જોહરાબેનના ઘરે રહ્યા અને ત્રણ દિવસ સુધી જમવાનું એક વખત, ચા કે નાસ્તા વગર ચલાવ્યું. તમે માનો નહિ પણ એક પણ પૈસા

વગર આવું મોટું સરઘસ કાઢ્યું અને એમાં 'સેવા'નો જ વિજય થયો. તકલીફ તો ઘણી પડી, એ કઈ લખવી નથી. અમારું કામ સારી રીતે પત્યું એટલે બધી તકલીફ માફ છે.

આમ તો ''સેવા'' ઘણા ધંધાને લગતા સરઘસો કાઢયા અને ખાસ સાથે ઈલાબેન હોય એટલે કોઈ ફીકર નહી, પણ આ તો ત્યાંના બેનોએ અમને ફરજ પાડી બેન સરઘસ કાઢો અને અમારે પણ તેમની સાથે કામ કાઢવાનું હતું એટલે ના છુટકે આવુ સાહસ કર્યુ અને અમે તેમાં પાસ થયા બીન અનુભવે ખરાને ?

- પાટણમાં જે સરઘસ કાઢયુ અને બહેનોએ જુસ્સો બતાવ્યો તે ખરેખર ગાંધીવિચારનો હતો કે હક્ક માટે લડવું અને આપણો હક્ક લેવો જોઈએ અને એમ હક્ક લીધો એવું મને લાગ્યું.
- પોલીસનો (દાણાપીઠ) દાખલો લો તો તેમાં બેનોની સચ્ચાઇ હતી. તેની તેમા મને સફળતા મળી. જે પણ વ્યક્તિ નિસ્વાર્થ ભાવે કામ કરશે તો તેની સેવા ટકી રહેશે અને તેમને પણ બળ મળશે. અને તે લાંબા સમય સુધી ચાલશે.

અને બીજુ સાહસ પણ બીન અનુભવે કર્યુ તેમાં હું નપાસ થઇ મહેનત ઘણી કરી પણ પરિણામ શૂન્ય આવ્યું વાત કહું. હું શાકભાજીની મંડળી ચલાવતી અને મંડળીમાં પટણી બહેનો કામ કરે. અને મત્સ્યગંધા મંડળેમાં પણ પટણી બહેનો કામ કરે પટણી બહેનો ફીશરીશમાંથી માલ લાવે અને વેચે તેઓ મોટા વેપારી પાસેથી માલ લાવે ને વેચે પણ વેપારીનું વર્તન સારું નહિ. બહેનોને અપમાનિત કરે અને ખરાબ ખરાબ શબ્દો બોલે, પણ શું થાય ના છુટકે તેઓ સહન કરે. મને રેનાબેને કહયું નીરૂબેન તમે માછલીનું પણ કામ સંભાળો તો કેમ ? મને થયું કે બહેનો તો પટણી જ છે એટલે કઇ વાંધો નહી અને મેં મત્સ્યગંધાનું કામ હાથ પર લીધું બેનોને વહેલી સવારે ફીશરીશમાં માલ અપાવા જતી રાત્રે સી.ટી.એમ ફીશરીશની ઓફિસમાં પણ જતી જેથી કરીને બેનોને સારો માલ મળે.

આ કામના જાણકાર આણંદના મહંમદભાઇ મને અને રેનાબેનને મળ્યા તેમને સમજાવ્યું કે જો આપણે જાતે માછલી ઉછેરીને ધંધો કરીએ તો બહેનોને સારી આવક થાય અને મત્સ્યગંધાને પણ આવક મળે.

પછી તો તેમણે બજેટ બનાવ્યું અને શું શું કરવું પડે તે સમજાવ્યું અને પોતે પણ તેની જવાબદારી લેવા તૈયાર થયા.

પહેલા તો ખાડાવાળી જમીન લેવી પડે આ ખાડામાં પાણી ભરવું પડે અને તળાવ જેવું બનાવવુ પડે, પણ પૈસા કોણ આપે ? રેનાબેન બેન સાથે ચર્ચા કરી. રેનાબેને કહયું બેંકમાં લોન લેવી અને પછી ધીમે ધીમે હપ્તા ભરવા પછી નક્કી થયું કે આપણે કામ શરૂ કરીએ. પહેલા તો જમીન શોધી આણંદના સામરખા ગામે ત્યાં તળાવ જેવું બનાવવુ અને તેમાં માછલીનું બીયારણ નાખી માછલીનું ઉત્પાદન કરવું વાત કરવી સહેલી છે. પાણી કેટલું ઊંડું છે એ એમાં પડીએ ત્યારે ખબર પડે.

અમે કામ કાજ શરૂ કર્યુ પહેલા તો તળાવ ઊંડું કર્યુ અને બોરમાંથી પાણી વેચાતું લઇને તળાવ ભર્યું. મહંમદભાઇ મદ્રાસ તરફથી બીયારણ લઇ આવ્યા અને તળાવમાં નાખ્યા. હવે શું ? પછી માછલીનો ખોરાક નાખવો તળાવનું ફેનસીગ કરવું જેથી કોઇ તળાવમાં માછલી ચોરી ન જાય. એ બધી વિધિ કરી અને માછલી પણ મોટી થઇ, પણ ત્યાના સ્થાનિક લોકો રાત્રે મારલી ચોરી જતા એટલે એક પગી રાખવો પડયો અને ટાઇમ-ટાઇમ માછલીને ખાવાનું (ખોરાક) નાખવા માટે પણ એક વ્યક્તિ રાખવી પડી. આ બધી મહેનત કરી અને માછલી ઉછરી મોટી થઇ એટલે બેંકમાંથી ઉઘરાણી આવી. પૈસા ભરો અને પૈસા વસુલી માટે બેંકમાંથી એક બેન સામરખા આવ્યા. મહંમદભાઇએ તાત્કાલિક તળાવમાંથી માછલી કઢાવી અને વેચી તેમાંથી બેંકના પૈસા ભરાવ્યા. પણ તળાવો ખર્ચ ઘણો વધી ગયો. પાણી વેચાતું લેવાનું, ત્યાં દેખરેખ રાખવા પગી રાખવો, માછલીને ખોરાક માટે વ્યક્તિ રાખવી વિગેરે ખર્ચ વધી જવાથી ઘણુ મોંઘુ પડયુ અને ખાસ તો તેનું ધ્યાન રાખનાર કોઇ હતુ નહિ પારકા પર વિશ્વાસ રાખી કોઇ ધંધો થાય નહિ. આના કારણે મત્સ્યગંધામાં ખોટ ગઇ. શાકમંડળી પાસે નામે ઉધાર બોલે છે, અને એમાં મેં સાહસ કર્યુ. પણ નાપાસ થઇ પરિણામે શૂન્ય આવ્યું.

આમ તો હું દરેક કામમાં ઝંપલાવતી હતી. હું કોઇ પ્રોફેસર તો હતી નહિ, પણ જાણે હું કોઇ જાણકાર વ્યક્તિ છુ તેમ જ જાણતી. મને કોઇ આવડત કે આ રીતે લોકો સાથે કામ કરવાનું આવડતુ નથી. પણ પેલી કહેવત છે કે આ રીતે લોકો સાથે કામ કરવાનું આવડતું નથી. પણ પેલી કહેવત છે કે કામ કામને શીખવે. તે કહેવત કદાચ મને લાગુ પડતી હશે એવું મારૂ માનવું છે. હવે વાત કરું જાણો છો મને કાલા ફોલતી બેનોનું કામ સોંપાયું, મને મારી જિંદગીમાં કાલા શું તે જ ખબર નહોતી. છતા મેં ઝંપલાવ્યું. હું વિરમગામ અને ધંધુકામાં ગઇ. કોને મળવુ ક્યાં જવુ કોઇ ઠેકાણુ ન હતું. છતાં પૂછતા નર પંડિત. પ્રમાણે મેં ત્યાં જઇને બેનો ક્યાં ક્યાં કાલા ફોલે છે. તેની માહિતી લીધી. પછી તો મારા નામે મને એક બેન મળ્યા. તેને મારો અને 'સેવા'નો પરિચય આપ્યો અને બેનપણા કર્યા. જેથી ફરીવાર જાઉ તો મારૂ કામ સરળ થઇ જાય. આમ હું બે ત્રણ વખત ગઇ અને પેલા બેનની મદદ લઇ તેમને મજૂરી અને શરીરને શું તકલીફ પડે છે તેની જાણકારી

મેળવી. આ બેનો સાથે મિટીંગ કરી ત્યારે બેનોએ કહયું એક મણ કાલા ફોલીએ તો રૂ.૧૫-૨૦ મળે છે, પણ જુઓ બેન હમારા આ આંગળા કેવા થઇ જાય છે કે અમે મીઠા અને મસાલામાં હાથ નાખી શકતા નથી. કમર એક ધારૂ બેસી રહેવાથી બહુ દુખે છે, અને આ કાલાની છીપત શ્વાસમાં જાય ને તો ફેફસા પણ બગડી જાય છે, પણ અમે વધારો માંગીએ ત્યારે માલિક શું કહે ખબર છે તમે તો બપોરના સમયે કામ કરો છો અને આ પૈસાથી તમે ઘરેણા ખરીદો છો. શું ખોટુ છે ઘર બેઠા આવક મળે છે.

ઘણી ઠેકાણે બેનો કપાસની જીનમાં કાલા ફોલવા જાય ત્યાં કપડાનો છાંયો કરી બેનો સમૂહમાં કાલા ફોલતી હોય. ગરમી બહુ પડે. ઘરેથી પીવાનું પાણી લઇ જાય. બેનો ત્યાં કાલા ફોલે પણ તેને કામદાર ના ગણે, છતા તેમનો સમય તો ચોક્કસ હોય કે, આટલા વાગે જીનમાં જવું અને આટલા વાગે છૂટવું. આ વાત કાલા ફોલનારની છે. આપણે તેમના માટે ખાસ કામ કર્યુ તો નહિ પણ જીનના માલિકને મળી તેમની તકલીફ જણાવી અને વધારો કરવા સૂચન કર્યુ હતું. ધંધુકામાં પણ આ રીતે બહેનો કામ કરતા અને આવી જ તેમને પણ તકલીફો હતી. હું પણ તેમની સાથે ખાસ રહી નહી, કારણ કે મ.મ.સંઘથી 'સેવા'ને છૂટી કરી હોવાથી હુ પણ નવા મકાનમાં કામે લાગી હતી. તેથી મેં કામ પડતુ મૂક્યુ અને કામ મેં મકર્યુ તો ખરૂ. આ કામ સાથે માયાબેન પણ હતા. તે મ.મ.માં રહી ગયા અને હું 'સેવા'માં ગઇ આમ અમે બન્ને છૂટા પડતા આ કામમાં રુકાવટ આવી. મને કામ તો કરવું હતું, સંજોગો એવા થયા કે આ કામ (કાલા ફોલવા) હું કરી ના શકી તેનો મને ઘણો રંજ પણ રહી ગયો. શું થાય દુનિયામાં કાંઇ બધુ થઇ શકતું નથી એવુ મારું થયું.

કાલાનું કામ અધૂરુ રહયું ને ફરી પાછુ બીજુ કામ તેની પણ કોઇ જાણકારી નહિ. તે કામ આનંદના ગામડાઓની ખળીમાં કામ કરતાં બહેનો સાથે ત્યારે મારી સાથે લીલાબેન હતા. અમે ખળીમાં ફરતા બેનો કેવું કામ કરે છે, તેમને શું તકલીફ છે તે જાણવાનું ત્યાં પણ બેનોને તમાકુ ફેફસામાં જાય, એ હાથમાં પણ તેની અસર રહે એટલે આ બેનો માટીમાં હાથ બોળે અને પથ્થર પર કેટલો વખત ઘસે પછી તેની અસર ઓછી થાય અને ત્યાર બાદ રસોઇ અથવા કઇ પણ મોઢામાં મુકવું હોય આ પ્રક્રિયા પછી જ જે તે કામ થાય તેવી તેમને તકલીફ હતી. તમાકુ એટલે કેન્સરનો ભય રહેતો ફેફસામાં પણ શ્વાસ વાટે તમાકુ જાય.

મને યાદ છે મેં પહેલવહેલી ખળી કામદાર બેનોની વિડીયો ટેપ બનાવી હતી. માલિકને ખબર પડતા તેઓ મારી પાસે આવ્યા અને કહયું અમારી પરવાનગી વગર તમે વિડીયો શુટીંગ કર્યુ છે. તો અમારે તમારી ઉપર ફરિયાદ કરવી પડશે. મંજૂરી વગર તમે અમારી ખળી ઉપર આવ્યા અને પાછી વિડિયો ટેપ બનાવી. મને તો ઘણી ગભરામણ થઇ હવે શું થશે ? મેં પણ હિંમત કરી તેમને સમજાવ્યા. આ ટેપ તો અમારે ડૉ.ને બતાવવાની છે કે આ બેનો તમાકુમાં કામ કરે છે અને દવા સારવાર વગેરે થાય એ હેતુથી બનાવી છે. તમે ફીકર ના કરો તમોને કોઇ હેરાનગતિ નહિ થાય અમે તો બેનોના કલ્યાણ માટે કામ કરીએ છીએ. 'સેવા'ની ઓળખ આપી, જાન છુટી, અમે પાછા અમદાવાદ ફર્યા, 'સેવા'માં તો જાત જાતના અનુભવો થતા અને એ અનુભવોમાંથી અને પ્રોફેસનલ થતા ગયા અને ''સેવા'' યુનિર્વસિટી બનતી ગઇ. બોલો છે ને અમારી બીન અનુભવી ડીગ્રી તમે વાચજો અને અમને પ્રોફેસનલ બનાવજો બનાવશો ને ?

મારો વ્યવસાય તો સિલાઇનો છે જ. હાલમાં હું મારા ગામમાં (ભરૂચ) એકલી રહું છું. મારું સ્વાસ્થ્ય સારુ હોવના કારણે ઘરનું બધુ કામ જાતે કરું છું જેવા કે કપડા, વાસણ અને રસોઇ જાતે બનાવું છું અને હાલમાં મારો રેટિયો (મશીન) પગથી ચલાવું છું અને મારા પરિવારના સભ્યો પણ મને કોઇ જાતનું દબાણ કરતા નથી અને મને મારા પરિવારના સભ્યો પણ મને કોઇ જાતનું દબાણ કરતા નથી અને મને મારી રીતે જેમ તમને ગમે તેમ રહો અને ટેન્શન વગર રહો.

બાય ગુડબાય.

આ જે પણ કાંઇ લખ્યું છે તે 'સેવા'ને આભારી છે. કારણ કે 'સેવા'માં જાણ્યું, જોયું અને શીખીયું છે, અને તેને હવે ઇલાબેન છાપી દેશે મને તો ખાત્રી છે.

(નોંધ : આ વૃત્તાંત - નીરૂબહેન જાદવના જ શબ્દોમાં મૂકેલ છે)

❑

## ગુડ બાય, નીરૂબેન

લે, 'ગુડ બાય' શાનું ? મેં તડૂકીને નીરૂબેનને કહ્યું, 'લેખનનું તમારું બીજું સીટીંગ બાકી છે — બે મહિના પછી કરીશું.' પણ એ 'બે મહિના' હું પાછા લાવી જ ન શકી. જેમ વિલંબ થતો ગયો તેમ નીરુબેનની અશક્તિ વધતી ગઇ.

નીરૂબેનને મળવા હું ભરૂચ જતી રહેતી. એક પોળમાં અંદરના ભાગમાં તેમનું પાકું ઘર. દરેક વખતે જયારે તેમના ઘરનો ઓટલો ચડું કે સામે જ હું તેમને જૂના સિંગર મશીન પર સીવતાં જોઉં. મારું બ્લાઉસ એમણે સીવેલું જે મારી પાસે વપરાઇને, ઘસાઇને આજે કબાટમાં છે. પણ આજે એના ઘડનારા ગુડબાય કરીને જતા રહ્યા !



**નીરુબેન પૌત્રી સેવા સાથે**

ભરૂચમાં તેમને ઘેર મળું ત્યારે હું દર વખત ભારપૂર્વક કહું કે, તમને અહિં નિરાંતનો સમય છે તો નીરુબેન જે યાદ આવે તે લખોને. તમારી આપવીતી લખો, 'સેવા'ની આપવીતી લખો. સેવાની ખૂશી લખો. નીરુબેનની પૌત્રીનું નામ સેવા છે. તેમણે કહ્યું, 'હા, વીત્યું તો આપણને બહુ છે.' ઊત્સાહથી તે વિતકો બોલવા લાગે. પણ કશું લખ્યું નહિ!

તેથી, એક વાર મેં તેમને મહેમાન લેખક તરીકે વિધિસર 'સેવા'માં આમંત્રણ આપ્યું, અને, સેવા અકાદમીમાં બીજે દિવસે નમ્રતાબેને સન્માન કરીને નીરુબેનને એક શાંત, અજવાળીયો, ઓરડો બતાવ્યો, વચ્ચોવચ ટેબલ ખુરશી મૂક્યા, એસી ચાલુ કર્યું. નોટ અને પેન આપ્યા, મદદમાં જૂના સાયરાબેનને નિમ્યા. 'હવે લખો નીરુબેન.'

નીરૂબેને એકધારું લખ્યું, લખતા જ ગયા, લખાણ મને રાત્રે બતાવ્યું. હું તેમના પર આફરિન થઇ ગઈ ! ખાસ તો આખા લખાણમાં એક પણ છેકો નહિ. બીલીવ મી. થોડું બાકી રહ્યું તે બીજી સવારે લખ્યું. પૂરું કર્યું 'ગુડ બાય' લખ્યું, હું વઢી કે ગુડબાય શાનું વળી ?! એ સીધા ઊપડ્યા ટ્રેન સ્ટેશન પર, જમવાનો ય ટાઈમ નહોતો, અને ભરૂચ ઊતરીને પહોંચ્યાનો મેસેજ મોકલ્યો. બીજે દિવસે, ફોન પર, 'ગુડ બાય' લખ્યાનો રંજ દર્શાવ્યો પણ છતાંય કહ્યું, 'પણ બેન, મારા મનમાં સાચે તો એવી જ લાગણી છે. ભગવાને મને લખાવ્યું હશે !' હું સમજી.

જો કે, ભગવાને તો એમને તે પછી બીજા પાંચેક વર્ષ જીવાડ્યા. અને અમે બે મળતાં પણ રહ્યા. અંતે, ઈશ્વરને ગમ્યું તે સાચું !

નીરૂબેન, મારી શોકભરી ગુડ બાય-ગૉડ બી વીથ યુ.

**- ઈલા**

❑

# નીરૂબેનને કેમ ભુલાય ?

નીરૂબેનને કેમ ભુલાય ? જ્યારે 'સેવા'ના પ્રધાનમંત્રી પદે ચૂંટાઇ ત્યારે મને મળીને કહે કે, જ્યોતિ હું તમારી સાથે જ છું. 'સેવા'ને શ્રમજીવી પ્રધાનમંત્રી મળ્યાં તે 'સેવા' માટે ગૌરવની વાત છે. તેમના તરફથી મને હંમેશા એક વડીલની હૂંફ સતત મળી છે.

નીરૂબેન, પોતે શ્રમજીવી અને શ્રમજીવીઓની વાત, મુદ્દા એમના હૃદયમાં ખૂબ સારી રીતે સમજે અને ગમે તેવા સંજોગોમાં તે શ્રમજીવીઓની તકલીફો પાર પાડે. જેનાથી 'સેવા'નું મજબૂત સંગઠન ઘડાતું ગયું. આજે પણ એમણે કરેલાં કામોનું પૃથ્થકરણ કરીએ તો ભરપૂર શીખ મળે કે, શ્રમજીવીઓનું સંગઠન કેવી રીતે ઉભું કરવું, ટકાવવું અને આગળ લઇ જવું. આવા શ્રમજીવી નીરૂબેનને મારા વંદન !

**- જ્યોતિ મેકવાન**

પ્રધાનમંત્રી 'સેવા'

❑

# નમ્રતાબેન સાથે કડકમીઠી

'સેવા'માં અમે જ્યારે જોડાયા ત્યારે સિનિયર બહેનોમાંથી એક અને 'સેવા'ના મંત્રીની ફરજ બજાવતા હતા. હું જ્યારે 'સેવા'માં જોડાઇ ત્યારે મંત્રી તરીકે એમના સંપર્ક આવી. હું એમની પર્સનાલીટીથી પ્રભાવિત થઇ. ઊંચા કદાવર શરીર, એમના અવાજમાં એક કમાન્ડ (ઓર્ડર) હતો. જે તમારે કર્યે જ છુટકો. વેચનારા બહેનોના સંગઠક એટલે બજારમાંથી આવે તો બહેનોના પ્રશ્નોને લઇ લાગણી બતાવે. પણ જ્યારે બેનોના શોષણની વાત આવે તો એમનો અવાજ બદલાય જાય. કેટલાક એમના અનુભવ છે જ્યાં ટ્રાફિક પોલિસ, કોર્પોરેશનના અધિકારી સામે એમના જેવા જ અવાજમાં બેનોના પ્રશ્નો હલ કર્યા.

મારું જ્યારે 'સેવા'ની મુખ્ય ઓફિસ પાછળના મકાનમાં (રંગભુવન) બેસવાનું આવ્યું, મારે એમની ઉપર જ બેસવાનું હતું. એટલે જ્યારે હું પગથિયા ચઢું તો મળવાનું થાય કહે એ નમ્રતા, એટલે એમની સાથે વાતો કરી કડક મીઠી એમના જેવી જ ચા સાથે અચૂક પીવાની જ.

હું ત્યારે સહકારી મંડળીઓમાં કામ કરતી તો ઘણીવાર એની વાતચીત થાય. ત્યારે તે પોતે હરિયાળી મંડળીનું સંચાલન કરતાં હતા. જે શાક વેચનારની મંડળી હતી. જેમાં હોસ્પિટલ, જેલ, અનાથાલયો, હોસ્ટેલ એવી સંસ્થાઓમાં મોટા ઓર્ડર લઇ શાકભાજીનું સપ્લાય કરતાં.

એ જે આટલી માર્કેટીગની એમની જે સ્ટ્રેટેજી હતી એ ત્યારે મને ઘણી અદ્ભૂત લાગતી હતી. જેમાં કો.ઓ. થકી સીધા ગ્રાહકને વ્યક્તિગત રીતે શાકભાજી ઇત્યાદિ પહોંચાડતા અને સામૂહિક રીતે પણ ઇન્સ્ટીટયુશન માર્કેટીગ કરતાં-વેચનારા બહેનોને સીધા મોટી માર્કેટ સાથેનો એક સંબંધ બનાવ્યો. તે પછી 'સેવા' અકાદમીની સ્થાપના થઈ. અકાદમીમા 'સેવા' પરિચયની તાલીમ અને સેવા સ્ટ્રેટેજી/ યુનિયન/ કો.ઓ.ની શરૂઆત થઇ. જેમાં જ્યારે પણ અમને રીસોર્સ પર્સનની જરૂર પડે તો અચૂક આવે એમનું ઓરિએન્ટેશન નવા સભ્યો, કાર્યકર્તા માટે ખૂબ જ રસપ્રદ રહેતું. પોતાના અનુભવોની દિલથી વાત કરતાં જેના લીધે સીધો અસર પડતો. 'સેવા' આટલા વર્ષોના સફરમાં જ્યારે પણ કટોકટી અથવા સંઘર્ષ આવ્યો, ધમાલ હોય કે, બીજી કોઇ આફત આવે ખડે પગે હાજર જ હોય. અને બધાને સાથે રાખીને આયોજન કરે. એવી ઘણી મિટીગોમાં એમના સાથે બેસવાનું અને વિચારોની આપ-લે કરવાનો મોકો મળ્યો. 'સેવા' માટે નવી દિશા શું રહી શકે તેની પણ ચર્ચા એમની સાથે ઘણી કરી.

જ્યારે બેને એમને પોતાના વિષે લખવાનું કહયું તો, ભરૂચમાં રહે પણ ફોન પર વાતો કરતા. મહિલા સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે તેની મિટીંગોમાં પણ શિસ્તબધ્ધ મિટીંગો ચલાવતા.એક તરફ એમનું વ્યક્તિત્વ જેમાં કડકપણું, ગંભીરતા અને શિસ્તતા જોઇ. બીજી બાજુ એમના સાથે જો મુસાફરી કરી હોય કે, વર્કશોપ કે કોઇ મિટીગમાં સમય મળે, રાત્રિરોકાણ હોય તો હળવાપણાથી અંતાક્ષરી રમે. જે કોઇ જીતી ન શકે. બોલીવુડના

ગીતોથી માંડીને ગુજરાતી ફિલ્મના ગીતોનો ભંડાર એમની પાસે. તેવા નીરૂબહેનને આજે મારા કોટી કોટી પ્રણામ, અમારા વચ્ચે નથી પણ જે અમને સંગઠનમાં આપીને ગયા છે તે આજે પણ અને આવતી પેઢીમાં પણ અમને દેખાય છે.

તેવા નીરૂબહેનને મારા અને સેવા અકાદમી તરફથી ભાવભીની શ્રદ્ધાંજલિ.

**- નમ્રતા બાલી**

❑

## શ્રદ્ધાંજલિ

શ્રી નીરૂબેન અમારા જૂના સાથી હતા. જ્યારે અમે ‘સેવા’માં જોડાયા ત્યારે અમને ‘સેવા’ની કારર્કીદી વિષય અવાર-નવાર માર્ગ દર્શન આપતા. જ્યારે કોઇ પણ સલાહ લેવી હોય હસતા મોઢે સલાહ આપતા. શાક વેચનાર બહેનો પ્રત્યે અવાર-નવાર સંઘર્ષો ઊભા રહેતા. એમા એમની સતત આગેવાની રહેતી. ઘણા વર્ષો સુધી ‘સેવા’ના મંત્રી પદે ફરજ નિભાવી. રેનાનાબેન અને નીરૂબેનની જોડી હતી. બન્ને બહેનો સાથે મંળીને ‘સેવા’ના સંઘર્ષોને પાર પાડતા.

આવા હતા નીરૂબેન. જે અમને વિદાય આપીને ગયા એમની યાદ સદાય અમારા દિલમાં રહેશે.

**- શારદા**

❑

## અમારા વડીલ નીરૂબેન જાદવ

અમારા વડીલ નીરૂબેન જાદવ. આજે અમારી વચ્ચે નથી પણ, એમની યાદો હંમેશા અમારા દિલમાં વસેલી છે. એ યાદો જે ભુલાઇ નથી શકતા !

હું ‘સેવા’માં ૧૯૮૨માં આવી ત્યારથી લઇને આજ દિવસ સુધી એમને યાદ કરું છું. કેમ કે, મને સંગઠનનું કામ તેમણે સોપેલું. શાહપુરમાં સિલાઇ કામદારોનું સંગઠન કરવાનું અને ઘરે-ઘરે જઇને બેનોનો સંપર્ક કરવાનો. એ અમને ડગલે ને પગલે માર્ગદર્શન આપતા. રોજ સવારે ૧૧ વાગે અમારો રીપોર્ટ લેતા ને કહેતા કાલે શું કામ કરીને આવ્યા ? એરિયામાં શું તકલીફ પડી ? બહેનો સાથે સંપર્ક થાય છે ? એ બધુ પુછે અમને કાંઇ તકલીફ પડે તો અમારી સાથે વિસ્તારમાં આવતા અને બહેનો સાથે મિટીંગ કરતા. અમને એક વડિલમાતા જેમ સમજાવતા. અમને કામ કરવાનો ઉત્સાહ જાગતો એમની પાસે નવું નવું જાણવા મળતું. અમને એવું જ કહેતા કે, ‘સેવા’માં કામ કરવું હોય તો કોઇથી ડરવાનું નહીં. લોકો શું કહેશે એ બધુ બાજુએ મુકી દેવાનું કેમ કે, નીરૂબેનને ખબર હતી કે, અમને ઘરમાંથી બહાર નિકળવા નથી દેતા, તો એરિયામાં કેવી રીતે કામ કરીશું ? એમણે અમારા મનનો ડર કાઢી નાખ્યો અને અમે નિડર સશક્ત બન્યા, અમને ગમે તે કામમાં ઘરમાં કે એરિયામાં કોઇ પણ તકલીફ આવી હોય તો અમે નીરૂબેનના ઘરે જતા અને માર્ગદર્શન લેતા એ હંમેશા અમને ન્યાયના માર્ગ પર ચાલવાની તાકીદ કરતા. નીરૂબેન ‘સેવા’માંથી નિવૃત થયા પણ એમનું મન ‘સેવા’માં જ્યારે અમે એમના ઘરે જઇએ તો એ અમને પ્રેમથી આવકારતા અને કહેતા કે, મારી ‘સેવા’ મારા ઘરે આવી.

મને યાદ છે કે, માણેકચોકમાં શાકભાજી વેચનારા બેનો પાસેથી પૈસા લેતા હતા એમને એ જ વખતે પોલીસના ખીસ્સામાંથી બધા પૈસા કઢાવ્યા અને પોલીસનો કૉલર પકડી લીધેલું અને બધા પૈસા બહેનોને પાછા અપાવ્યા.

એ વખતે અમે નવા-નવા ‘સેવા’માં આવ્યા હતા અને અમને માણેકચોક સર્વે કરવા માટે લઇ ગયા હતા. અમે નીરૂબેનની સાથે હતા આ દશ્ય જોઇને હું તો ડરી ગઇ હતી. કેમ કે, મને પહેલાં પોલીસથી બહુ જ ડર લાગતો હતો અને આ થયા પછી હું ધ્રુજી ગઇ. પછી અમે ‘સેવા’માં આવ્યા અને ઇલાબેન સાથે મિટીંગ કરીને સઘળી વાત કરી.

ત્યારથી મારા મનમાંથી પોલીસનો ડર જતો રહયો અને અમે નીરૂબેનને ‘સેવા’ના પોલીસ ઇન્સપેક્ટર કહેતા હતા. પછી તો પોલીસ સ્ટેશનમાં પી.આઇ. હોય કે ડી.સી.પી. હોય નીરૂબેનને જોઇને તરત જ માન આપતાં.

નીરૂબેનની પસર્નાલીટી ખાદીની સાડી અને એમનો રૂમાલ. વાહ સુબહાનલ્લાહ. એ તો કદી ના ભુલાય. આંખો બંધ કરું તો એ જ નીરૂબેન દેખાય જે ૩૫ વર્ષ પહેલા જોયેલા. આવા માણસોની ‘સેવા’માં ખોટ છે. આવા બેનોને કદીના ભુલાય.

ઓ જાને વાલે હો શકે તો લોટ કે આના.

**- જૈતુન પઠાણ**

❑

## શ્રદ્ધાંજલિ

નીરૂબેન આપણા વડીલ માટે તો ગમે તેટલું લખીએ ઓછું પડે. અમે એમની સાથે કામ કરતાં તો કોઇ દિવસ અમને તેમનામાં મોટા પણુ નહોતું જોયુ દરેક બેનોને સાથે રાખી કામ કરતાં અને તેમની સાથે બેસાડે અને અને અમારા ફેમીલીની ખબર-અંતર પૂછે. આવા માતા સમાન બેનની આપણ ને બહુ ખોટ પડશે.

એ દિવસ કલાકૃતિની દુકાન ‘સેવા’ પાસે હતી. અને ત્યાં બે બેનો ચોરી કરવા આવી ત્યારે દુકાનમાં નાની સાયરા હતી એકલી તેને એ બેનોને પકડી ત્યારે નીરૂબેન મંત્રી હતા અને અમે ત્રણ જણા ભેગા થઇ ને એ બન્ને બેનો પાસેથી શરીરના અંદરના ભાગમાંથી દુપટ્ટા કઢાવેલા અને નીરૂબેન કહે, રમીલા તુ તો પોલીસવાળી છે. માર બે-ત્રણ તમાચા અને એ રીતે અમે કલાકૃતિનો સામાન પાછો મેળવેલો એવા શૂરવીર પણ ખરા તોય આપણને હાથ ફેરવી હૂંફ આપનાર નીરૂબેન આપણા વચ્ચેથી વિદાય થયા તેમના આત્માને પ્રભુ શાંતિ આપે અને તેમના પરિવારને શક્તિ આપે.

**- રમીલા**

❑

# નીરૂબેનને મારા માનપૂર્વક સલામ

'સેવા'માં ૧૯૮૪માં જ્યારે હું આવી, ત્યારે સૌ પ્રથમ નીરૂબેન અને રેનાનાબેનને મળ્યાં બેઉ મંત્રી હતા. નીરૂબેને મને શાંતીથી 'સેવા'નો ઇતિહાસ તથા સંગઠનનું મહત્વ સમજાવ્યું ત્યારે માણેકચોકના ફેરીયાઓની લડત ધમધોકાર ચાલતી હતી, અને સુપ્રિમકોર્ટમાં કેસ પણ ચાલતો હતો. નીરૂબેન સેવાના પહેલા પેઢીની ટીમના સત્યાગ્રહી, ફેરી કરતી બેનો સાથે તેમના ગાઢ સંબંધ. તેમના સંઘર્ષમાં ખભે-ખભો મિલાવીને લડયા. હરિયાળી શાકભાજી મંડળીની આગેવાની લીધી અને ધંધો પણ સારી રીતે ચલાવ્યો.

નીરૂબેન 'સેવા'ના પ્રથમ શ્રમજીવી નેતા. મને કહે, ''બેન, હું ભણી નથી, પણ સંગઠનનો પુરો અનુભવ.'' મને મુંબઇના લેબર ઇન્સ્ટીટયુટમાં જોડે લઇને ગયા. ત્યાં સિલાઇ કામદારોના યુનિયન સાથે મિટીંગ કરી તેમના વ્યવસાયિક સ્વાસ્થ્યની ચર્ચા થઇ. આવતા-જતા અમે એકબીજાની વાતો કરી અને વધારે નજીક આવ્યા.

જ્યારે 'સેવા'ના દેવધોલેરા કેન્દ્રના અમુક સૈધ્ધાંતિક મુદ્દા હતા ત્યારે અમે બંન્નેએ એનુ નિરાકરણ જોડે રહી કરેલું. નીરુબેન મક્કમ રહયા. ગમે તે દબાણમાં આવતા ન હતા. 'સેવા'માં અતુટ વિશ્વાસ અને એક વફાદાર સદસ્ય.

હિમ્મતવાળા પણ ખરા. જ્યારે દિલ્હીમાં 'સેવા'ની આખી કારોબારી ફુટપાથ પર ધરણાંમાં બેઠા, નીરુબેને સારી આગેવાની લીધી. ત્યારે શ્રમમંત્રાલય 'સેવા'ને શ્રમસભા(આઇ.એલ.સી)માં પ્રવેશ નહોતા આપતા. અમે ફુટપાથ પર બેઠા અને નીરૂબેને જોરથી નારા લગાવ્યા. અમે બધાએ તેમને સાથ આપ્યો. અમારી ધરપકડ થઇ. તુગલક રોડ પોલિસ સ્ટેશન જતા-જતા અમે પાર કરીશું ગીત ગાયું. નીરૂબેન ખૂબ ઉત્સાહમાં હતા.

મને વ્યકિતગત રીતે પણ ખૂબ સાથ આપ્યો. જ્યારે મારી જોડકી દીકરીઓના જન્મ થયા, ત્યારે મને કહે, ''તમે જરાય ચિંતા ન કરતા. કામે થાય ને છોકરા પણ મોટા થાય. અમે બધાં છીએ ને...!'' એક વખત મારી દીકરી ઇલીના ખૂબ રડતી હતી. નીરૂબેન મારા ઘરે હતા. તેમણે ખોળામાં લઇને થપ-થપાવીને શાંત પાડી અને સુવાડી દીધી ! હું તો જોતી જ રહી ગઇ.

જ્યારે નીરૂબેન 'મહિલા સેવા ટ્રસ્ટ'ના પ્રમુખ બન્યા ત્યારે તેમની સાથે સતત મળવાનું થતું. નીરૂબેન નિવૃત થયા પણ તેમનું દિલ-દિમાગ હંમેશા 'સેવા'નાં કામોમાં રહેતા, તેઓ કાયમ રસ લેતા અને પુછતા બેન શું છે ? કેમ ચાલે છે ? મારા લાયક કામ હોય તો કહો.

વ્હાલા નીરૂબેન, અમે સૌ તમને કાયમ યાદ કરીશું, તમે મારા હૈયામાં સદા રહેશો....

**- મિરાઇ**

❑

# નીરૂબહેનની શ્રદ્ધાંજલિ

'સેવા'માં બીડીકામદાર તરીકે ૧૯૮૨માં જોડાઇ અને 'સેવા'ની મિટીંગોમાં આવતી થઇ. ત્યારથી નીરૂબહેનને જોયેલા. એમનો એક વડીલ તરીકે 'સેવા'માં મોભો હતો. 'સેવા'ની કોઇ પણ વાત હોય વિગતે કહે. જ્યારે પણ એમને સાંભળવાનો મોકો મળ્યો ત્યારે ગર્વ થાય કે, આપણે આમની સાથે કામ કરીએ છીએ.

એમની વાતોથી ઘણુ શીખવા મળે કે, સભ્યો સાથે કેવી રીતે વાત કરવી. એમના પ્રશ્નોની રજૂઆત યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિ સમક્ષ કેવી રીતે કરવી. જ્યારે પણ મળે અકાદમી વિષે એની પ્રવૃતિ વિષે અચૂક પૂછે અને હાલ શું ચાલી રહયું છે નવું શું કરો છો ? એ પણ જિજ્ઞાસા રાખે. એવા નીરૂબહેનને 'સેવા અકાદમી' ટીમ વતી હાર્દિક શ્રદ્ધાંજલિ... કોટી કોટી વંદન.

**- શાન્તા કોષ્ટી**

❑

# નીરૂબહેનને મારા વંદન

નીરૂબહેન જાદવ એટલે પહાડી અવાજ, દેખાવ પડછંદ, ચહેરો હસમુખો, દેખાવે પોલિસ જેવા લાગે. સેવા અકાદમીમાં સાક્ષરતાની શરૂઆત થઇ ત્યારે વંદનાબહેન મિટીંગમાં બોલાવે. તે વખતે તેઓ 'સેવા'ના મંત્રી પદે હતા પણ ક્યારેય તેમનામાં એવું જોવા નહોતુ મળ્યું કે, મંત્રીના હોદ્દા પર છે. બેનો સાથે જ્યારે વાતચીત કરે ત્યારે બેનો જેવા જ થઇને રહે. અવારનવાર એરિયામાં સાક્ષરતા વર્ગના કાર્યક્રમમાં વંદનાબહેન સાથે નીરૂબહેન હોય જ.

સ્નેહ મિલન કાર્યક્રમમાં પણ અચૂક હાજરી આપે. હર્ષાબહેન અને નીરૂબહેનની જોડી, બધાને ગળ્યુ મ્હો કરાવી નાસ્તો કરાવીને મુખવાસ તો આપવાનો જ. સેવામાંથી છૂટયા પછી તેમણે ગમે ત્યાં હોય પણ, સ્નેહ મિલનમાં તો હાજરી હોય જ.

મારી સાથેનો નાતો તો જાણે, વર્ષોથી જ હોય તેમ ગમે ત્યારે મળે તો કહે મીના તું તો એવી ને એવી જ રહી. તેમની પ્રેરણાના આર્શીવાદ તો સદાય મારી સાથે જ રહયાં છે. આગલા વર્ષના સ્નેહ મિલનમાં આવ્યા ત્યારે બેન સાથે જુની વાતોને કામના સંભારણા યાદ કર્યા અને બધાને સેવાની વધારે ને વધારે પ્રગતિ થાય તેવા આર્શીવાદ આપ્યા. આ વર્ષના સ્નેહ મિલનમાં નીરૂબહેનની ખોટ પડશે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે એ જ પ્રભુને પ્રાર્થના.

**- મીના**

❑

# પ્રેરણાદાયી નીરૂબહેન

૧૦ વર્ષની નાની ઉંમરથી નીરૂબહેનને ઓળખતી. મજુર મહાજન મિટીંગમાં મારી મા આનંદીબહેન મને લઇને આવતા ત્યારે નીરૂબહેન મીઠી સુરતી ભાષામાં બોલતા. આનંદી અહિંયા

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-11-2018

બેહી જા. આ ઢીગલીને લઈને આવી એને બેહાડ. 'સેવા'નાં કામમાં રાતદિવસ પોતાનું જીવન વિતાવ્યું. પુરી નિષ્ઠાથી સેવા આપી, અમારા માટે પ્રેરણાદાયી રહયા. મા ને ઘણું દુઃખ થયું સાંભળીને. ભગવાન તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

**- વર્ષા**

રૂડીનો રેડિયો

❑

## શ્રધ્ધાંજલિ

'સેવા'ની શ્રમજીવી બહેનોની ચળવળમાં અમૂલ્ય અને અતૂલ્ય યોગદાન આપનારા એવા અડીખમ-સક્ષમ નીરૂબેન જાદવને જેઓ 'સેવા' માં હંમેશા પ્રેરણાસ્ત્રોત રહયા છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી અમારી પ્રાર્થના છે.

**- જિજ્ઞાસા દવે**

❑

## સ્મરણાંજલિ

શ્રી નીરૂબેન જાદવનો ધીર ગંભીર, શાંત, આછા સ્મિત મઢ્યો ચહેરો, ઉંચો મજબુત બાંધો. ખાદીની ગુજરાતી સાડી, નાની બિંદી અને લાંબા વાળનો ચોટલો.

મારો તેમની સાથે ૩૨ વર્ષનો પરિચય. તેમાંય શરૂઆતના ૧૨-૧૫ વર્ષનો તો એકદમ પ્રત્યક્ષ પરિચય. રોજે રોજ મળવાનું, સાથે કામ કરવાનું, શું યાદ કરું અને શું ન કરું ? બધુ જ એકદમ તરોતાજુ છે. સેવા ઓફિસમાં પહેલા માળ પર ઈલાબેનની નાની ઓફિસ અને એક વિશાળ હોલ. આ હોલમાં બેનની ઓફિસની બહાર એક હારમાં પહેલું ટેબલ નીરૂબેનનું અને બીજાં બે – ત્રણ ટેબલ વહીવટ વિભાગનાં. બીજી પ્રવૃત્તિઓના બેનો પણ આ હોલમાં બેસે. સેવામાં મારી કારકીર્દીના શરૂઆતના વર્ષોમાં નીરૂબેનની કુનેહપુર્વક બધાં બેનો સાથે કામ કરવાની શૈલીમાંથી હું ઘણું શીખી અને ઘડાઈ. પ્રેમથી, શાંતિથી, હસતાં હસતાં કળ થી અને ક્યારેક જરૂર પડે સ્હેજ ઉગ્ર થઈને કામ કરતાં, કરાવતાં નીરૂબેન નજર સામે તરવરે છે.

વળી, બપોરના જમવાના સમયે બધાં બેનો અમે સાથે જમવા બેઠા હોઈએ ત્યાં પોતાનો ડબ્બો આપે. ''હું તો જમીને આવી છું પણ આ દાળ- ઢોકળી તમારા માટે લાવી છું''. સંસ્થાગત કામે જીલ્લાની ઓફિસમાં ગયાં હોઈએ. પરત આવતાં તેમનું ઘર પહેલું આવે. તો આગ્રહ એટલો કે થોડીવાર માટે પણ ઘરમાં જવાનું. સેવાનાં વડીલ બેનોની મુલ્ય આધારીત કાર્યશૈલી, નિષ્ઠા અને પ્રેમભર્યા વ્યવહારના કારણે સેવા પરિવારમાં કુટુંબ ભાવના જીવંત છે. સેવાની પ્રવૃત્તિઓ વડલાની જેમ વિકસી અને પાંગરી રહી છે.

ઈશ્વર પૂ. નીરૂબેનના આત્માને શાંતિ આપે તેવી હૃદયપુર્વકની પ્રાર્થના.

**- પ્રતિભા અને વહીવટ ટીમ**

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-11-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]